# <u>મહે. ૫ માં એડીશ્નલ જયુડી. મેજી. ફર્સ્ટ. કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>

CC.229777_2025.

આંક :

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી :– પ્રતિકરાજ ગીરીરાજ સિંઘ,
રહે. વડોદરા.

ગુનો:– **<u>પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫ મુજબ.</u>**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે અંગે આરોપીને સમન્સ કરતા, આરોપીએ હાજર થઈ તેઓ સામેનો આક્ષેપિત ગુનો સ્વેચ્છીક કબુલ કરતો હોવાનુ જણાવેલ છે તથા તેઓનો પ્રથમ ગુન્હો હોવાનુ તથા તેઓ ગરીબ, બાળબચ્ચા વાળા માણસ હોવાનુ જણાવેલ છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની કોર્ટને બાંયધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરે છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા,આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાને સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પણ પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા આવા પ્રકારનો ગુનો થયાનું જણાવેલ હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છું.પરંતુ આરોપીની કબુલાતપુરસીસ વંચાણે લેતા, તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લતા,તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા,આ કામમાં આરોપીને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છું. પરંતુ આરોપીની સામેના ગુનો, આરોપીની ઉમર અને સંજોગો ધ્યાને લેતાં આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧.  આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે તેમની સામેના ગુના પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૧૩.૧૨.૨૦૨૫ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩.૧૨.૨૦૨૫
વડોદરા.

**(તૃપ્તિ હસમુખલાલ ઠક્કર )**
**CODE NO. GJ01694**
૫ માં એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી., વડોદરા

પાવતી નં.
દંડ રૂા.
તારીખ:*૧૩.૧૨.૨૦૨૫*

ચીફ કોર્ટ, વડોદરા.